सत्यमेव जयते

# ગુજરાત રાજવિત્તીય જવાબદારી
# અધિનિયમ, ૨૦૦૫

# અન્વયે નિવેદનો

## નાણા વિભાગ
## ગુજરાત સરકાર
## વર્ષ ૨૦૦૬-૦૭

**ગુજરાત રાજવીત્તિય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અન્વયે વિધાનસભામાં રજુ**

**માર્ચ - ૨૦૦૬**

# <u>વિ ષ ય સૂ ચિ</u>


| **પત્રકોની વિગતો** | **પાના નંબર** |
| --- | --- |
| રાજ્ય સરકારની રાજવિત્તીય પરિસ્થિતિ | ૩ |
| મધ્યમ મુદતીય રાજવિત્તીય નીતિવિષયક નિવેદન | ૧૭ |
| રાજવિત્તીય નીતિવિષયક વ્યૂહરચનાને લગતું નિવેદન | ૨૪ |
| માહિતી આપતાં પત્રકો | ૨૮ |

## <u>રાજ્ય સરકારની રાજવિત્તીય સ્થિતિ</u>
## <u>( અધિનિયમની કલમ ૮ (ક) મુજબ )</u>

### ૧. રાજ્યના અર્થતંત્રનું વિહંગાવલોકન

૧.૧ અર્થતંત્રનું કદ, રચના અને વૃદ્ધિ રાજ્યની આવકની ક્ષમતા નક્કી કરે છે અને એ જ રીતે અંદાજપત્રનું કદ નક્કી કરે છે અને અંદાજપત્રનું કદ જાહેરખર્ચની કક્ષા નક્કી કરે છે. અર્થતંત્રનું માપન ચાલુ અને અચલ એ બંને કિંમતોએ રાજ્યના એકંદર આંતરિક ઉત્પાદનના સંદર્ભમાં કરવામાં આવે છે. ઝડપી અંદાજ પ્રમાણે, ગુજરાતનું, વર્ષ ૨૦૦૪-૦૫નું ઘરગથ્થુ એકંદર ઉત્પાદન ચાલુ કિંમતોએ રૂા. ૧,૭૯,૫૪૪ કરોડ અને અચલ કિંમતોએ રૂા. ૧,૦૭,૦૩૩ કરોડ હતું. ચાલુ કિંમતોએ માથાદીઠ આવક રૂા. ૨૮૩૫૫ અને અચલ કિંમતોએ રૂા. ૧૬,૮૭૩ હતી.

૧.૨ ૧૯૯૩-૯૪ના વર્ષમાં અચલ કિંમતોએ રાષ્ટ્રીય ઘરગથ્થુ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૬.૨૯ ટકાનો હતો અને ૨૦૦૪-૦૫માં આ હિસ્સો વધીને ૭ ટકાએ પહોંચ્યો છે.

૧.૩ ૧૯૯૩-૯૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષ માટેની ગુજરાતના અર્થતંત્રની ક્ષેત્રીય રચના કોષ્ટક ૧.૧ માં આપવામાં આવી છે, જે અર્થતંત્રના બંધારણની વિશેષતા દર્શાવે છે. પૃથક્કરણના હેતુથી, કેન્દ્રીય આંકડાશાસ્ત્ર સંગઠનના નિર્દેશ અનુસાર ૧૯૯૩-૯૪ના વર્ષને રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનની નવી શ્રેણી શરૂ થઇ હોઇ તે વર્ષને આધાર વર્ષ ગણવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્રમાં પશુપાલન, વનનિર્માણ, મત્સ્યોદ્યોગ અને ખનિજકામનો સમાવેશ થાય છે જયારે ઔદ્યોગિક ક્ષેત્રમાં નોંધાયેલ ઉત્પાદન પ્રક્રિયા, વણનોંધાયેલ ઉત્પાદન પ્રક્રિયા, બાંધકામ, વીજળી, ગેસ અને પાણી પુરવઠાનો સમાવેશ થાય છે. સેવા ક્ષેત્રમાં રેલવે, અન્ય પરિવહન, સંગ્રહ, સંદેશાવ્યવહાર, વ્યાપાર, હોટલ, બેંકિંગ, વીમા, બાંધકામ, જાહેર વહીવટ અને અન્ય સેવાઓનો સમાવેશ થાય છે.

**કોષ્ટક ૧.૧**

**અર્થતંત્રનું તુલનાત્મક માળખુ**

| **ક્ષેત્ર/વર્ષ** | **૧૯૯૩-૯૪** | **૨૦૦૪-૦૫** |
|---|---|---|
| કૃષિ | ૧૯.૯ ટકા | ૧૪.૨ ટકા |
| ઉદ્યોગો | ૨૮.૩ ટકા | ૨૯.૭ ટકા |
| સેવાઓ (ટર્શીઅરી) | ૩૮.૮ ટકા | ૪૨.૬ ટકા |

૧.૪ કોષ્ટક ૧.૨ રાષ્ટ્રીય સરેરાશની સરખામણીએ ગુજરાતમાં અર્થતંત્રનું માળખુ સૂચવે છે.

**કોષ્ટક ૧.૨**

**અર્થતંત્રનું તુલનાત્મક માળખુ (ચાલુ કિંમતોએ)**

| **ક્ષેત્ર/વર્ષ** | **કૃષિ** | | **ઉત્પાદન** | | **સેવાઓ(ટર્શીઅરી)** | |
|---|---|---|---|---|---|---|
| | **૧૯૯૩-૯૪** | **૨૦૦૩-૦૪** | **૧૯૯૩-૯૪** | **૨૦૦૩-૦૪** | **૧૯૯૩-૯૪** | **૨૦૦૩-૦૪** |
| ગુજરાત | ૧૯.૯ | ૧૭.૨ | ૨૮.૩ | ૨૯.૧ | ૩૮.૮ | ૪૦.૯ |
| રાષ્ટ્રીય સરેરાશ | ૨૮.૩૯ | ૨૦.૭૦ | ૧૬.૦૬ | ૧૬.૦૬ | ૪૨.૭૭ | ૫૦.૭૨ |

**પ્રાપ્તિસ્થાનઃ** સી.એસ.ઓ. એમ.ઓ.એસ.પી., ભારત સરકાર અને ગુજરાત રાજયની ૨૦૦૫-૦૬ની સામાજિક આર્થિક સમીક્ષા.

૧.૫ ૨૦૦૩-૨૦૦૪ દરમિયાન ગુજરાતમાં ઉદ્યોગોનો હિસ્સો રાષ્ટ્રીય સ્તર કરતાં નોંધપાત્ર રીતે વધુ હતો. સેવાઓના ક્ષેત્રનો હિસ્સો વધી રહયો છે. તેમ છતાં, તે હજુ રાષ્ટ્રીય સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે નીચે રહે છે.

**૨. ગુજરાત રાજય ઘરગથ્થુ ઉત્પાદનની વૃદ્ધિ**

૨.૧ ૧૯૯૩-૯૪થી ૨૦૦૪-૦૫ના સમયગાળા દરમિયાન સતત ભાવોથી રાજય એકંદર આંતરિક ઉત્પાદન ૯.૮ ટકાના વાર્ષિક દરે વધ્યું હતું જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૫.૮૩ ટકા વધુ છે. ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રમાં પ્રભાવી વિકાસને કારણે આમ થયું છે. ૧૯૯૩-૯૪ના સમયગાળા દરમિયાન ક્ષેત્રીય વૃદ્ધિની બાબતમાં કૃષિ

વાર્ષિક ૧૦.૩૨ ટકાના દરે, ઉદ્યોગો ૧૪.૩૨ ટકાના દરે અને સેવાઓ ૧૪.૧૭ના દરે વધ્યા છે.

૨.૨ કૃષિ ઉત્પાદન અને સેવાઓની તુલનાત્મક વૃદ્ધિ નીચે દર્શાવેલ છે.




**પ્રાપ્તિસ્થાન :** સામાજિક- આર્થિક સમીક્ષા, ગુજરાત રાજય, ૨૦૦૫-૦૬

૨.૩ રાજયના વિકાસનું સ્તર સામાન્ય રીતે માથાદીઠ આવકના સંદર્ભમાં ગણવામાં આવે છે. ૨૦૦૩-૦૪માં રૂા. ૧૧૭૯૯ની રાષ્ટ્રીય સરેરાશની સરખામણીએ ગુજરાતની માથાદીઠ આવક રૂા. ૧૬૩૦૨ (ચોખ્ખુ ઘરગથ્થુ ઉત્પાદન) રાષ્ટ્રીય સરેરાશ કરતાં ૩૮ ટકા વધુ છે. ૨૦૦૪-૦૫ના વર્ષમાં માથાદીઠ આવક રૂા. ૧૬૮૭૮ થાય છે. બીજુ નોંધપાત્ર પાસુ એ છે કે સમગ્ર ભારતની ૪.૩૭ ટકા (કોષ્ટક ૧.૩)ની સરેરાશની સરખામણીએ ગુજરાતની માથાદીઠ આવકનો વૃદ્ધિ દર ૫.૫૩ ટકા છે.

**કોષ્ટક : ૧.૩**

**ગુજરાતની માથાદીઠ આવક**

**(આંકડા રૂા. માં)**

| **રાજય** | **૧૯૯૩-૯૪** | **૨૦૦૩-૨૦૦૪** | **વૃદ્ધિદર (ટકા)** |
|---|---|---|---|
| ગુજરાત | ૯૭૯૬ | ૧૬૩૦૨ | ૫.૫૩ |
| સમગ્ર ભારત | ૭૬૯૦ | ૧૧૭૯૯ | ૪.૩૭ |

પ્રાપ્તિસ્થાનઃ સામાજિક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજય, ૨૦૦૫-૦૬

**૩. રાજય સરકારનું નાણાકીય વિહંગાવલોકન**

**આવક**

૩.૧ રાજયનો નાણાકીય આધાર અને નાણાકીય સક્ષમતા સીધા જ રાજયના વિકાસને સંબંધિત છે. આંતરમાળખામાં જાહેર મૂડીરોકાણથી અર્થતંત્રની ઉત્પાદક ક્ષમતા વિસ્તરશે અને આમ, તેનાથી રાજયની આવક ઊભી કરવાની શક્ય ક્ષમતા વિસ્તરશે. નાણાકીય આધાર અર્થતંત્રના કદથી નક્કી થાય છે, જે લાંબા ગાળે વિસ્તારી શકાય છે. આમ, મધ્યમગાળામાં રાજયની નાણાકીય સક્ષમતામાં સુધારો કરવો જોઇએ, જેથી સરકાર અર્થતંત્રના આધારને વિસ્તારવા વિકાસના ખર્ચમાં વધારો કરી શકે.

૩.૨ સરકારની કુલ આવકમાં રાજયના એકત્રિત ફંડ અને જાહેર હિસાબની બાકી રકમનો સમાવેશ થાય છે. રાજયના એકત્રિત ફંડમાં મહેસૂલી આવક, જાહેર ઋણ અને લોનની વસૂલાતનો સમાવેશ થાય છે. ૨૦૦૧-૦૨ અને ૨૦૦૪-૦૫ દરમિયાન કુલ આવકમાં મહેસૂલી આવકનું પ્રમાણ ૭૧. ૫ ટકા અને ૭૬.૪ ટકા (કોષ્ટક ૧.૪) ની વચ્ચે રહયું છે.

**કોષ્ટક-૧.૪**

**રાજ્ય સરકારની કુલ આવક**

**(રૂા. કરોડમાં)**

| વર્ષ | મહેસુલી પ્રાપ્તિ ૧ | જાહેર દેવું ૨ | લોનની વસુલાત ૩ | એકત્રિત ભંડોળ ૧+૨+૩ | ચોખ્ખો જાહેર હિસાબ | સરવાળો | એકત્રિત ભંડોળની મહેસુલી આવકની ટકાવારી | સરવાળાના મહેસુલી આવકના ટકા. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૧-૦૨ | ૧૫૯૮૬ | ૬૯૧૯ | -૧૯૭૭ | ૨૦૯૨૮ | -૭૧૨ | ૨૦૨૧૬ | ૭૬.૩૯ | ૭૯.૦૮ |
| ૨૦૦૨-૦૩ | ૧૭૮૭૫ | ૬૩૩૫ | ૧૭૪ | ૨૪૩૮૪ | -૫૨૩ | ૨૩૮૬૧ | ૭૩.૩૦ | ૭૪.૯૧ |
| ૨૦૦૩-૦૪ | ૧૮૨૪૭ | ૯૬૧૨ | ૨૨૪૩ | ૩૦૧૦૨ | -૬૨૪ | ૨૯૪૭૮ | ૬૦.૬૨ | ૬૧.૯૦ |
| ૨૦૦૪-૦૫ | ૨૦૨૬૫ | ૭૫૧૩ | ૫૫૯ | ૨૮૩૩૭ | ૧૧૫૭ | ૨૯૪૯૪ | ૭૧.૫૧ | ૬૮.૭૦ |

૩.૩ રાજયોની મહેસુલી પ્રાપ્તિમાં તેની પોતાની મહેસુલી પ્રાપ્તિ અને કેન્દ્રીય આવકનો સમાવેશ થાય છે. નાણાપંચની સુચનાનુસાર કેન્દ્રીય વેરાની સુપ્રદગી (devolution) કરવામાં આવે છે. બારમા નાણા પંચે અગિયારમા નાણા પંચની સરખામણીમાં, કેન્દ્રીય કરવેરાની સુપ્રદગીમાં ૨.૮૨૧ ટકાની સામે ૩.૫૬૯ ટકા અને વહેચણીપાત્ર સેવા વેરાની બાબતમાં ૨.૫૫૮ ટકાની સામે ૩.૬૧૬ ટકાના દરે રકમ ફાળવેલ છે. લગભગ ૨૦ ટકા જેટલી મહેસુલી આવક કેન્દ્ર પાસેથી આવે છે (કોષ્ટક ૧.૫) આમ રાજયની રાજવિત્તીય સ્થિરતા કેટલેક અંશે કેન્દ્રીય તબદીલી પર નિર્ભર છે.

## કોષ્ટક -૧.૫

## મહેસુલી આવકના ઘટકો

(રૂા. કરોડમાં)

| વર્ષ | રાજયની પોતાની મહેસુલી પ્રાપ્તિ | | | કેન્દ્ર તરફથી મળતી આવક | | | કુલ મહેસુલમાં રાજયની મહેસુલ પ્રાપ્તિનું પ્રમાણ (ટકા) |
|---|---|---|---|---|---|---|---|
| | વેરો | વૃધ્ધિ દર (ટકા) | બિન-કર | વેરો | વૃધ્ધિ દર (ટકા) | અનુદાન | |
| ૨૦૦૧-૦૨ | ૯૨૪૨ | | ૩૭૬૧ | ૧૪૯૩ | | ૧૪.૯૦ | ૮૧.૩૪ |
| ૨૦૦૨-૦૩ | ૯૫૨૯ | ૧.૧૧ | ૩૯૯૬ | ૧૩૫૫ | - ૯.૨૪ | ૨૯૯૬ | ૭૫.૬૬ |
| ૨૦૦૩-૦૪ | ૧૧૧૮૧ | ૧૭.૩૪ | ૩૨૭૨ | ૧૯૫૮ | ૪૪.૫ | ૧૮૩૭ | ૭૯.૨૧ |
| ૨૦૦૪-૦૫ | ૧૨૯૫૬ | ૧૫.૮૮ | ૩૪૯૦ | ૨૨૨૧ | ૧૩.૪૩ | ૧૯૭૨ | ૭૯.૨૮ |

**<u>રાજયની પોતાની વેરા-આવક.</u>**

૩.૪ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજયની વેરાની આવકમાં સારી બોયન્સી (Buoyancy) જોવા મળેલ છે. રાજયની વેરા આવકમાં વાર્ષિક ૧૨.૨ ટકાના દરે વધારો થયો છે. ૧૯૯૩-૯૪ થી ૨૦૦૪-૦૫ ના સમયગાળા દરમિયાન રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના સંદર્ભે રાજયની વેરા આવકમાં ૮.૬૪ ટકાની બોયન્સી નોંધાયેલ છે.

૩.૫ નીચેના કોષ્ટક -૧.૬ માં દર્શાવ્યા મુજબ રાજયની વેરા આવકના દરમાં ભારે વધારો થતો રહયો છે.

**કોષ્ટક-૧.૬**

**રાજ્યની પોતાની વેરા આવકમાં વૃધ્ધિ.**

**(રૂા. કરોડમાં)**

| રાજ્યની પોતાની વેરા આવક | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | વૃધ્ધિ દર ( ટકા) |
|---|---|---|---|---|---|
| વ્યવસાય વેરો | ૯૩.૧૧ | ૯૫.૬૫ | ૯૯.૫૫ | ૧૩૨.૭૬ | ૧૪.૧૯ |
| જમીન મહેસુલ | ૮૬.૯૫ | ૯૫.૧૯ | ૧૨૬.૭૯ | ૨૩૪.૮૯ | ૫૬.૭૧ |
| સ્ટેમ્પ અને નોંધણી | ૫૩૯.૪૧ | ૬૪૯.૮૮ | ૮૨૪.૬૭ | ૯૬૨.૮૦ | ૨૬.૧૬ |
| રાજ્ય આબકારી | ૪૭.૩૨ | ૪૭.૧૧ | ૪૬.૨૫ | ૪૭.૦૯ | -૦.૧૬ |
| વેચાણ વેરા | ૫૮૫૭.૪૦ | ૬૨૫૨.૧૩ | ૭૧૬૯.૫૮ | ૮૩૦૮.૬૨ | ૧૩.૯૫ |
| મોટર વાહન વેરો | ૬૭૬.૬૩ | ૮૦૮.૧૧ | ૯૩૬.૩૯ | ૧૦૬૦.૯૩ | ૧૮.૯૩ |
| સામાન અને ઉતારૂઓ પરના વેરા | ૯૯.૧૧ | ૧૧.૦૯ | ૧૭૧.૭૯ | ૧૬૦.૧૧ | ૨૦.૫૨ |
| વિદ્યુત શુલ્ક | ૧૬૫૬.૫૨ | ૧૩૮૩.૮૪ | ૧૫૯૨.૧૯ | ૧૮૨૯.૦૭ | ૦૩.૪૭ |
| મનોરંજન વેરો | ૬૪.૮૦ | ૪૦.૦૯ | ૪૧.૩૮ | ૫૧.૧૯ | -૭.૦૦ |
| અન્ય વેરા | ૧૨૦.૦૮ | ૧૪૫.૯૪ | ૧૭૨.૫૦ | ૧૬૮.૮૬ | ૧૩.૫૪ |
| સરકારની પોતાની વેરા આવક | ૯૨૪૧.૫૩ | ૯૫૨૯.૦૨ | ૧૧૧૮૧.૦૯ | ૧૨૯૫૬.૩૨ | ૧૩.૪૦ |

૩.૬ રાજ્યની પોતાની વેરાની આવકમાં વર્ષ ૨૦૦૪-૦૫માં વેચાણવેરાનો હિસ્સો કુલ માલિકીની વેરા આવકના ૬૪.૧૩ ટકા જેટલો સૌથી વધુ રહયો છે. ૨૦૦૧-૦૨ થી ૨૦૦૪-૦૫ સુધીના વર્ષથી વેચાણવેરામાં ૧૩.૯૫ ટકાના વૃધ્ધિ દરે સ્થિર પણે વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૦૧-૦૨ થી ૨૦૦૪-૦૫ ના સમયગાળા દરમ્યાન જમીન મહેસુલમાં ૩ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૦૧-૦૨ થી ૨૦૦૪-૦૫

દરમિયાન સ્ટેમ્પ અને નોંધણી તેમજ મોટરવાહન વેરામાંથી પણ સારીએવી આવક થઇ છે.

૩.૭ ૨૦૦૦-૨૦૦૧ ના વર્ષથી રાજય સરકારે વિવિધ વેરાની બાબતમાં સંખ્યાબંધ સુયોજન પગલા હાથ ધર્યા છે.

**રાજયની બિન-કર આવક**

**કોષ્ટક - ૧.૭**

**રાજયની બિન-કર આવકના ઘટકો**

**(રૂા. કરોડમાં)**

| **બિન-કર આવક** | **૨૦૦૧-૦૨** | **૨૦૦૨-૦૩** | **૨૦૦૩-૦૪** | **૨૦૦૪-૦૫** |
|---|---|---|---|---|
| વ્યાજની આવક સહિત રાજવિત્તીય સેવાઓ | ૧૬૨૧.૮૫ | ૧૭૨૭.૩૫ | ૯૨૭.૧૨ | ૫૦૫.૬૬ |
| સામાન્ય સેવાઓ | ૭૯૬.૩૯ | ૫૬૨.૧૪ | ૨૯૮.૦૩ | ૪૦૬.૭૪ |
| સામાજિક સેવાઓ | ૨૬૩.૬૫ | ૨૪૧.૭૬ | ૧૯૫.૦૬ | ૧૮૧.૬૩ |
| આર્થિક સેવાઓ | ૧૦૭૯.૦૫ | ૧૪૬૪.૩૩ | ૧૮૫૧.૭૫ | ૧૯૯૬.૪૬ |
| બિન-કર આવક | ૩૭૬૦.૯૪ | ૩૯૯૫.૫૮ | ૩૨૭૧.૯૬ | ૩૦૯૦.૪૯ |

૩.૮ રાજયોની બિન-કર આવકમાં વર્ષ ૨૦૦૨-૦૩ માં રૂા ૩૯૯૫.૬૮ કરોડથી ઘટીને વર્ષ ૨૦૦૪-૦૫ માં રૂા. ૩૦૯૦.૪૯ થઇ હતી અને આ મુખ્યત્વે મોટી અને મધ્યમ સિંચાઇમાં રોકાણ પર વ્યાજની સમાયોજન નોંધને રદ કરવાથી થયું છે. અલોહ ખાણકામમાંથી થતી આવક મુખ્યત્વે રોયલ્ટીનો બિન-કર આવકમાં સૌથી મોટા હિસ્સા તરીકે સમાવેશ થાય છે.

૩.૯ ઉપભોગતા ખર્ચમાં સુયોજિત ફેરફાર કરવા માટે રાજયે વિવિધ પગલાં લીધા છે.

**<u>ખર્ચ :-</u>**

૩.૧૦ સરકારી ખર્ચ એ એક એવું સાધન છે જેના મારફત સરકાર રાજયના વિકાસ માટેના સામાજિક અને ભૌતિક માળખાકિય સેવાઓ પુરી પાડે છે આમ

અર્થતંત્રની વૃધ્ધિના વેગને ગતિશિલ બનાવવામાં સરકારી ખર્ચની અસરકારકતાનું મુલ્યાંકન કરવા માટે સરકારી ખર્ચનું કદ, પતાવટ અને ઉત્પાદકતા મહત્વની પારમિતિઓ છે. સરકારી ખર્ચનું પાયાનું વર્ગીકરણ આયોજન અને આયોજન બહાર છે.

૩.૧૧ આયોજન ખર્ચમાં કોષ્ટક-૧.૮ માં દર્શાવ્યા મુજબ ૩૨.૫ ટકાના વાર્ષિક સંયોજન વૃધ્ધિ દરે વધારો થયો છે.

**કોષ્ટક-૧.૮**

**આયોજન અને આયોજન બહારનું ખર્ચ**

**(રૂા. કરોડમાં )**

| વર્ષ | એન.બી.આર સહીતનું આયોજન | વૃધ્ધિ (ટકા) | આયોજન બહાર | વૃધ્ધિ (ટકા) | એન.બી.આર સહિતનું કુલ ખર્ચ | એન.બી. આર | કુલ ખર્ચના આયોજનના ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૪૯૫૧ | | ૧૯૬૭૬ | | ૨૪૬૨૭ | ૫૦૦ | ૨૦.૧૦ |
| ૨૦૦૩-૦૪ | ૮૨૧૨ | ૬૫.૮૭ | ૧૯૮૭૮ | ૧.૦૩ | ૨૮૦.૯૦ | ૫૦૦ | ૨૯.૨૩ |
| ૨૦૦૪-૦૫ | ૯૪૪૧ | ૧૪.૯૭ | ૨૦૭૨૦ | ૪.૨૪ | ૩૦૧૬૧ | ૧૦૧૯ | ૩૧.૩૦ |
| ૨૦૦૫-૦૬ મહેસુલી અંદાજ | ૧૧૦૩૩ | ૧૬.૮૬ | ૨૧૯૫૭ | ૫.૯૭ | ૩૨૯૯૦ | ૧૦૧૯ | ૩૩.૪૪ |

૩.૧૨ સરકારી ખર્ચનું વધુ યોગ્ય વર્ગીકરણ એ મૂડી અને મહેસુલી ખર્ચ છે. મૂડી ખર્ચનું સ્તર સરકારી રોકાણનું સ્તર દર્શાવે છે. જે ફકત સરકારી અસ્કયામતો જ ઉભી નથી કરતું પરંતુ ખાનગી રોકણને પણ ગતિશિલ બનાવે છે. મહેસુલી ખર્ચમાં ઘટાડો કરવો અને મૂડીખર્ચમાં વધારો કરવો મહત્વનો છે.

## કોષ્ટક-૧.૯
## મહેસુલી ખર્ચ

**(રૂા. કરોડમાં)**

| વર્ષ | મહેસુલી ખર્ચ |
|---|---|
| ૨૦૦૧-૦૨ | ૨૨૭૧૭ |
| ૨૦૦૨-૦૩ | ૨૧૪૪૦ |
| ૨૦૦૩-૦૪ | ૨૧૯૫૪ |
| ૨૦૦૪-૦૫ | ૨૪૩૦૨ |

૨૦૦૧-૦૨ થી ૨૦૦૪-૦૫ના સમયગાળા દરમ્યાન મહેસુલ ખર્ચનો વૃધ્ધિ દર ૬.૯૮ ટકા (સામાન્ય સરેરાશ) હતો. જયારે તે જ સમયગાળા વખતે મહેસુલ પ્રાપ્તિ વધીને ૨૬.૭૦ ટકા (સામાન્ય સરેરાશ) થઇ છે.

૩.૧૩ મહેસુલ ખર્ચ એક એવું ક્ષેત્ર છે જ્યાં, રાજય સરકાર તેનું ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. પગાર, પેન્શન, વ્યાજ ચુકવણી અને સહાયકી મહેસુલી ખર્ચના મુખ્ય ઘટકો છે. (કોષ્ટક-૧.૧૦)

## કોષ્ટક-૧.૧૦
## મહેસુલી ખર્ચના ઘટકો

**(રૂા. કરોડમાં)**

| વિગત | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| મહેસૂલી ખર્ચ | ૧૫૯૮૬ | ૧૭૮૭૫ | ૧૮૨૪૭ | ૨૦૨૬૫ |
| પૈકી | | | | |
| - પગાર | ૫૮૭૨.૬૮ | ૬૦૩૦.૬૨ | ૬૨૮૯.૪૯ | ૬૩૯૩.૧૩ |
| - પેન્શન | ૧૫૦૨.૧૭ | ૧૫૮૮.૩૩ | ૧૭૩૩.૯૪ | ૧૮૯૧.૬૦ |
| - જાહેર દેવા અંગે વ્યાજ | ૩૫૯૭.૪૪ | ૪૨૬૦.૭૬ | ૫૧૪૦.૮૮ | ૫૪૩૫.૭૯ |

### ૩.૧૪ સહાયકીઓ

(રૂા. કરોડમાં)

| વિગતો | ૨૦૦૧-૦૨ | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ |
|---|---|---|---|---|
| સહાયકીઓ | ૪૧૫૪.૫૮ | ૨૮૭૮.૩૨ | ૩૩૧૫.૭૬ | ૩૩૩૬.૦૬ |
| પૈકી | | | | |
| - ઉર્જા | ૩૫૩૬.૩૨ | ૨૧૭૭.૩૬ | ૨૪૬૧.૧૪ | ૨૦૫૫.૬૨ |
| -પરિવહન | ૧૩૦.૦૨ | ૧૪૩.૦૦ | ૧૮૦.૦૦ | ૩૧૦.૦૯ |
| -કૃષિ અને સહકાર | ૩૪૮.૪૫ | ૭૬.૧૬ | ૧૩૯.૭૯ | ૨૩૮.૪૪ |
| -અન્ન અને નાગરિક પુરવઠો | ૯૧.૭૮ | ૧૦૬.૬૧ | ૧૭૦.૫૬ | ૧૯૩.૨૯ |

### જાહેર દેવુ.

૩.૧૫ વધી રહેલા જાહેર દેવા થી ફક્ત સુવાજ્ઞતા જ નહિ પરંતુ ઔચિત્યતાનો પ્રશ્ન પણ ઉભો થાય છે. ૩૧ મી માર્ચ, ૨૦૦૫ નારોજ રાજયનું જાહેર દેવું અંદાજે કુલ રૂા. ૫૭૯૨૦ કરોડ થાય છે. જે એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૩૩ ટકા થાય છે. કુલ જાહેર દેવાના ઘટકો અંગેની વિગત નીચે કોષ્ટક-૧.૧૧ માં દર્શાવી છે.

**કોષ્ટકઃ ૧.૧૧**
**જાહેર દેવા ઘટકો**

(રૂા. કરોડમાં)

| સ્ત્રોત / વર્ષ | ૩૧મી માર્ચ ૨૦૦૪ના રોજ મુજબ (હિસાબ) | કુલના ટકા | ૩૧મી માર્ચ ૨૦૦૪ના રોજ મુજબ (હિસાબ) | કુલના ટકા |
|---|---|---|---|---|
| બજાર લોન | ૧૨૫૧૮ | ૨૪.૮૫ | ૧૪૩૫૮ | ૨૪.૭૯ |
| કેન્દ્ર | ૧૪૨૦૮ | ૨૮.૨૧ | ૧૧૪૩૧ | ૧૯.૭૪ |
| નાણાકીય સંસ્થાઓ | ૧૬૮૬ | ૩.૩૫ | ૧૫૨૧ | ૨.૬૩ |
| નાની બચત | ૨૧૯૫૨ | ૪૩.૫૯ | ૩૦૬૧૦ | ૫૨.૮૪ |
| **સરવાળો** | **૫૦૩૬૪** | **૧૦૦** | **૫૭૯૨૦** | **૧૦૦** |

જાહેર દેવાના ઘટકોમાં પરિવર્તન આવ્યું જેમાં કેન્દ્ર સરકાર લોનનું પ્રમાણ ૩૧-૩-૨૦૦૪ ના ૨૮.૨૧ ટકાથી ઘટીને ૩૧-૩-૨૦૦૫ નારોજ કુલ જાહેર દેવાના ૧૯.૭૪ ટકા જેટલું થયું છે. ધ્યાનાકર્ષક પરિવર્તન નાની બચત લોનના પ્રમાણમાં છે. જે રૂા. ૮૬૫૮ કરોડની લોનના વધારા સાથે ૩૧-૩-૨૦૦૪ ના રોજ ૪૩.૫૯ ટકા હતું તે ૩૧-૩-૨૦૦૫ના રોજ કુલ જાહેર દેવાના ૫૨.૮૪ ટકા બન્યું, જે આજ સમયગાળા દરમિયાન જાહેર દેવામાં થયેલ કુલ વધારો જે રૂા. ૭૫૫૬ કરોડ હતો તેના કરતાં પણ વધારે હતું.

૩.૧૬ બારમા નાણાંપચે ભલામણ કરી છે કે રાજય, જણાવેલ રાજયવિત્તીય કામગીરીની શરતો પૂરી કરે તો ૩૧-૩-૨૦૦૪ સુધીમાં કરાર કરેલ અને ૩૧-૩-૨૦૦૫ સુધીમાં બાકી રહેલ કેન્દ્રીય લોનોનું એકત્રિકરણ કરવામાં આવશે અને ૨૦ વર્ષની નવી મુદત માટે તે પુનઃનિયત કરવામાં આવશે, જેના પરિણામે ૭.૫ ટકાના વ્યાજ દરે ૨૦ સરખા હપ્તામાં પુનઃ ચુકવણી કરવાની રહેશે. તા. ૩૧-૩-૦૪ સુધી કરાર કરેલ અને માર્ચ ૩૧, ૨૦૦૫ સુધીમાં બાકી રહેલ કેન્દ્ર સરકારની લોન ૯૪૯૭.૩૩ કરોડ થઇ હતી. બારમા નાણાંપંચે રજુ કરેલ રાજવિત્તીય કામગીરીની શરતો રાજય સરકારે પરીપૂર્ણ કરી હોવાને કારણે, ભારત સરકારે રૂા. ૯૪૩૭.૩૩ કરોડની લોન પુનઃનિયત કરી છે. દેવા પરત ચુકવણી અને વ્યાજ ચૂકવણીનો સમયગાળો પુનઃ નિયત કર્યો હોવાને કારણે થયેલ કુલ બચત ૨૦૦૫-૦૬ માં અંદાજે રૂા. ૨૨૪.૬૧ થઇ છે અને પાંચ વર્ષ (૨૦૦૫-૨૦૧૦) ના સમયગાળામાં રૂા. ૨૬૮૯.૧૭ કરોડ થઇ છે.

૩.૧૭ રાજયે માર્ચ ૨૦૦૫ માં ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ ૨૦૦૫ ઘડયો અને તે ૧લી મે, ૨૦૦૫ થી અમલમાં આવ્યો. બીજી બાબતોની સાથે સાથે મુખ્ય તબકકાઓ નીચે મુજબ છે.

- ૨૦૦૭-૦૮ સુધીમાં મહેસુલ ખાદ્ય નાબૂદ કરવી.
- ૨૦૦૮-૦૯ સુધીમાં રાજવિત્તીય ખાદ્યને રાજ્યના અંદાજીત એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૩ ટકાથી વધુ ન થાય તે રીતે ત્યાં સુધી ઘટાડવી.

* ૨૦૦૭-૦૮ સુધીમાં જાહેર દેવાને રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૩૦ ટકાના દરે નિયંત્રિત કરવું.
* ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ ૧૯૬૩ માં જોગવાઇ કરેલ મર્યાદાની અંદર રહે તે રીતે બાકી બાંહેધરીઓ નિયંત્રિત કરવી.

૩.૧૮ અધિનિયમમાં દર્શાવેલ ઉદ્દેશોને સિધ્ધ કરવાના હેતુસર એક રાજવિત્તીય સુધારા પથ તૈયાર કરવામાં આવ્યો છે.

૩.૧૯ અધિનિયમમાં ૨૦૦૭-૦૮ સુધીમાં મહેસુલી ખાધ નાબૂદ કરવાનું નિયત કરવામાં આવ્યું છે જ્યારે રાજય સરકાર તે પહેલાં જ ઉદ્દેશ સિધ્ધ કરી શકે. આમ છતાં રાજવિત્તીય ખાધની શરતો - ૨૦૦૮-૦૯ સુધીમાં રાજવિત્તીય ખાધ એકંદર ઘરઘથ્થુ ઉત્પાદનના ૩ ટકાથી વધુ ન થાય તે રીતે ત્યાં સુધી ઘટાડવી - મૂડી ખર્ચના વધારામાં અંકુશ લાદી શકશે.

૩.૨૦ ગુજરાત માટે દેવાનો સરેરાશ ખર્ચ જે ૨૦૦૧-૦૨ માં ૧૨.૧૦ ટકા હતો તે વર્ષ ૨૦૦૫-૦૬ માં ઘટીને ૯.૪૨ ટકા થવાની અપેક્ષા છે. આમ મુખ્યત્વે રાજય સરકારે હાથ ધરેલ દેવા પુનઃગઠનના જુદાજુદા પગલાંને કારણે સિધ્ધ કરી શકાયું છે. ભારત સરકારની ૧૪.૦૫ ટકા વ્યાજદર ધરાવતી રૂા. ૧૭૪૪.૪૨ કરોડની લોન ૨૦૦૨-૦૩ માં ફેરબદલ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૩-૦૪ માં રૂા. ૪૧૧૬.૫૯ કરોડની રકમ ૧૪.૫ ટકાથી ૧૩.૫ ટકાની મર્યાદામાં વ્યાજદર સાથે ફેરબદલ રાખવામાં આવી હતી, ૧૩.૫ ટકાથી ૧૨.૫ ટકાની મર્યાદામાં વ્યાજદર ધરાવતી રૂા. ૩૭૯૮.૮૮ કરોડની લોન ૨૦૦૪-૦૫ માં ફેરબદલ રાખવામાં આવી હતી. ત્રણ વર્ષમાં દેવા ફેરબદલીને કારણે વ્યાજમાં લગભગ રૂા. ૧૦૦૭ કરોડની બચત થયેલ છે. પરત ચુકવણીમાં વધારો થતાં ધીરેધીરે બચત ઓછી થતી જશે.

**<u>દેવા માંડવાળ યોજનાઃ-</u>**

૩.૨૧ વ્યાજના ઘટાડેલા દર સાથે એકત્રિત અને પુનઃ નિયત કરીને સામાન્ય દેવા રાહત પૂરી પાડવા ઉપરાંત ૩૧-૩-૦૪ પહેલાં રાજયોને કેન્દ્રીય લોન મંજુર કરવામાં આવી અને વણ ચુકવાયેલા દેવાં માટે ૩૧-૩-૦૫ સુધીની મર્યાદા મંજુર કરવામાં આવી. રાજવિત્તીય કામગીરી પર આધારિત દેવા માંડવાળ માટે ડી.સી.આર.એફ. યોજના ઘડવામાં આવેલ છે. તે રાજયોની મહેસુલ ખાદ્યના ઘટાડા સાથે જોડાયેલ છે. યોજના અન્વયે, એકત્રિકરણ અને પુનઃનિયત કર્યા પછી ૨૦૦૫-૦૬ થી ૨૦૦૯-૧૦ સુધીની કેન્દ્રીય લોન પરની બાકી ચુકવણીઓ માંડવાળ કરવાપાત્ર બનશે. માંડવાળ કરેલ ચુકવણીની રકમ વાસ્તવિક રકમ સાથે જોડવામાં આવશે, જેનાથી નાણાંપંચના ચુકાદાના સમયગાળા દરમ્યાન દરેક આગામી વર્ષે મહેસુલ ખાદ્ય ઘટતી જશે.

૩.૨૨ રાજય રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ ઘડીને સામાન્ય દેવા રાહત માટે ઉચિત ઠરશે ત્યારે દેવા માંડવાળ યોજના અમલમાં મૂકાશે. બારમા નાણાપંચે વધુમાં ભલામણ કરી છે કે માંડવાળનો લાભ, જો રાજય રાજવિત્તીય ખાદ્યને ૨૦૦૪-૦૫ ના સ્તરે સ્થગિત કરી શકશે તો જ મળી શકશે. રાજય જો રાજવિત્તીય ઉદ્દેશોને સિધ્ધ કરશે તો ગુજરાત આગામી પાંચ વર્ષો (૨૦૦૫-૨૦૧૦) સુધીમાં રૂા. ૨૬૧૫.૯૮ કરોડનુ દેવું માંડવાળ કરવાનો લાભ મેળવી શકશે.

## ફોર્મ - ક-૧

## (જુઓ નિયમ - ૪)

## મધ્યમ મુદતીય રાજવિત્તીય નીતિ વિષયક નિવદેન

### ક. રાજવિત્તીય નિર્દેશકો - પરિવર્તનશીલ લક્ષ્યાંકો.

| ક્રમ નં. | બાબત | આગલું વર્ષ ખરેખર | | ચાલુ વર્ષ | ચાલુ વર્ષ | આગામી વર્ષ | પછીના બે વર્ષોનો લક્ષ્યાંક | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | વાય-૩ | વાય-૨ | વાય-૧ | વાય-૧ | વાય | વાય + ૧ | વાય + ૨ |
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | અંદાજ ૨૦૦૫-૦૬ | સુ.અં. ૨૦૦૫-૦૬ | અંદાજ ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૦૦૮-૦૯ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | મહેસૂલી ખાધ | -૩૭૦૭ | -૪૦૩૭ | -૧૪૩૯ | -૩૩૪.૬ | + ૬.૩ | ૦ | ૯૩૦.૯૪ |
| ૨ | રાજવિત્તીય ખાધ | -૯૧૪૩ | -૮૬૯૧ | -૭૪૩૮ | -૬૬૪૮ | -૬૮૮૦ | -૭૩૬૧ | -૬૭૨૧ |
| ૩ | જીએસડીપી | ૧૬૫૭૦૫(પી) | ૧૭૯૫૪૪(પી) | ૨૦૪૫૬૫ (અગ્રિમ) | ૨૦૪૫૬૫ | ૨૩૧૭૩૧ | ૨૬૨૫૦૫ | ૨૯૭૩૬૬ |
| ૪ | જી.એસ.ડી.પી.ની ટકાવારી મુજબ રાજવિત્તીય ખાધ | ૫.૫૨ | ૪.૮૪ | ૩.૬૪ | ૩.૨૫ | ૨.૯૬ | ૨.૮૦ | ૨.૨૬ |
| ૫ | જી.એસ.ડી.પી.ની ટકાવારી મુજબ જાહેર દેવું | ૩૦.૩૯ | ૩૨.૨૬ | ૩૧.૮૨ | ૩૧.૯૧ | ૩૧.૩૦ | ૩૦.૪૩ | ૨૯.૧૨ |
| ૬ | સરકારી બાંયધરી બાકી | | ૧૬૧૪૪ | ૧૫૭૩૫ | ૧૪૮૭૩ | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ |

પી- કામચલાઉ અંદાજ

અગ્રિમ - અગ્રિમ અંદાજ

### ખ. રાજવિત્તીય નિર્દેશકો અંગેની ધારણા :-

**(૧) મહેસૂલી આવક :-** મહેસૂલી આવક કર મહેસૂલ અને બિન કર મહેસૂલની બને છે. કર અને બિનકર મહેસૂલ એમ બંનેનો ભાગ કેન્દ્ર તરફથી આવે છે.

**(ક) કર મહેસૂલ :-** કર મહેસૂલ રાજ્યની પોતાની કર મહેસૂલ અને કેન્દ્રીય કર સત્તાસોંપણીની બને છે. ૨૦૦૫-૦૬ના વર્ષ માટે કેન્દ્રીય કર સુપ્રદગીની (devolution) બારમા નાણા પંચના પ્રક્ષેપાતમાંથી લેવામાં આવી છે. ૨૦૦૫-૦૬ના વર્ષ (સુધારેલ અંદાજ) માટની રૂા. ૧૮૫૩૩.૪૦ કરોડની રાજ્યની

પોતાની કર મહેસૂલ, સંબંધિત કર વસૂલાત વિભાગની આકારણી પર આધારિત છે. પછીના વર્ષો માટે ૨૦૦૫-૦૬ (આધાર વર્ષ)ના અંદાજપત્ર અંદાજોમાંથી ૭ ટકા લેખે વધશે તેવું ધારવામાં આવ્યું છે.

**(ખ) બિન કર મહેસૂલ :-** બિનકર માં રાજ્યની માલિકીના બિન કર મહેસૂલ અને કેન્દ્રમાંથી મળતાં આયોજન અને આયોજન બહારના અનુદાનોનો સમાવેશ થાય છે. ૨૦૦૫-૨૦૦૬ના (સુધારેલ અંદાજ) વર્ષ માટેના રાજ્યની માલિકીના બિન કર મહેસૂલ, વિભાગીય પ્રાચલોના આધારે જોઈએ તો રૂ. ૩૧૬૨.૩૩ કરોડ થવાની સંભાવના છે. જે ૨૦૦૫-૦૬ને આધાર વર્ષ તરીકે લેતાં વધીને ૭ ટકા થવાનું અનુમાન છે. આયોજન હેઠળના અનુદાનો રૂ. ૨૧૦૨.૯૧ કરોડના ના અંદાજવામાં આવ્યા છે. જેમાં ૨૦૦૫-૦૬ના વર્ષને આધાર તરીકે લેતાં ૨ ટકા જેટલા વધવાનો અંદાજ છે. આયોજન બહાર હેઠળના અનુદાનો રૂ. ૧૩૨૯.૮૯ કરોડના અંદાજવામાં આવ્યા છે જેમાં અહેવાલમાં દર્શાવ્યા અનુસાર બારમા નાણા પંચના નિર્દિષ્ટ અનુદાનોનો સમાવેશ થાય છે.

**(૨) મૂડી પ્રાપ્તિ :-** ગુજરાત રાજવિત્તીય જવાબદારીઓ અધિનિયમ, ૨૦૦૫માં વિચારાયા અનુસાર ૨૦૦૮-૦૯માં હાંસલ કરવાના વિત્તીય લક્ષ્યાંકને નજર સમક્ષ રાખીને એકંદરે દેવું તારવવામાં આવ્યું છે. રાજ્ય દેવાં એકત્રિકરણ અને રાહત સુવિધા યોજનાની શરતો પૂર્ણ કરતાં, દેવાં એકત્રિકરણ અને દેવા માંડવાળના લાભને ધ્યાનમાં લેવાયા છે. આ સમયગાળા દરમિયાનની તમામ બાકી ચુકવણીઓને પણ હિસાબમાં લેવામાં આવી છે. નવી લોનોના પોર્ટફોલીયાને, વિવિધ સ્ત્રોતોમાંથી તેની ઉપલબ્ધતા અને વ્યાજના દરને ધ્યાને લઈને, તેની વર્ષવાર ગણતરી કરવામાં આવી છે.

**(ક) કેન્દ્રમાંથી લોન અને પેશગીઓ :-** બારમા નાણા પંચની ભલામણના આધારે ભારત સરકારે, વિદેશ સહાયિત ચાલુ પરિયોજનાના કિસ્સા સિવાય,

૨૦૦૫-૦૬ના વર્ષથી આયોજન હેઠળ લોન આપવાનું બંધ કર્યું છે અને આમ ગત વર્ષ દરમિયાન ફક્ત વિદેશ સહાયિત ચાલુ પરિયોજના માટે જ કેન્દ્રમાંથી લોન અને પેશગીઓ મળી છે.

**(ખ) એન.એસ.એસ.એફ.ને આપવામાં આવેલ ખાસ જામીનગીરીઃ-** હાલમાં, એન.એસ.એસ.એફ નાણા સહાયનો સૌથી મોંઘો સ્ત્રોત છે. કુલ દેવામાં એન.એસ.એસ.એફના ઘટકમાં વાર્ષિક ૬ ટકાના દરે વૃધ્ધિ જોવા મળે છે અને તા. ૩૧-૦૩-૨૦૦૬ના રોજ મુજબ બાકી દેવાના ૫૭ ટકા ઘટક તેની હસ્તગત છે.

**(ગ) મુક્ત બજારમાંથી લીધેલી લોન :-** ૨૦૦૫-૦૬ના સુધારેલા અંદાજ મુજબ રાજ્યએ મુક્ત બજારમાંથી રૂા. ૬૦૨.૨૭ કરોડ ઉછીના લીધાં હતા.

**(ઘ) લોન અને પેશગીઓની વસુલાત :-** ૨૦૦૫-૦૬ના સુધારેલા અંદાજ મુજબ રૂા. ૫૫૫૦.૫૫ કરોડની લોન અને પેશગીઓની વસૂલાત બાકી છે. ૨૦૦૬-૦૭ના બજેટ અંદાજ અનુસાર વાર્ષિક ૧૧ ટકાના વૃધ્ધિ દરે, બાકીની લોન અને પેશગીઓની વસુલાતની ધારણા છે.

**(ચ) નાણાકીય સંસ્થાઓમાંથી લીધેલી લોન :-** નાબાર્ડ, હુડકો, એલ.આઈ.સી. જેવી સંસ્થાઓ પાસેથી લીધેલ ઉછીના પરિયોજના આધારિત છે અને તે એકંદરે ઉછીના કાર્યક્રમના ભાગરૂપે છે. નાબાર્ડની સહાય પ્રમાણમાં ઓછો ખર્ચાળ સ્ત્રોત હોઈ રાજ્ય આ ભંડોળોનો મહત્તમ ઉપયોગ કરવાનો પ્રયત્ન કરશે.

**(છ) અન્ય પ્રાપ્તિ (ચોખ્ખી)-કર્મચારી વીમા, ભવિષ્ય નિધિ વગેરે :-** રાજ્યના એકત્રિત ભંડોળ સિવાય, જાહેર હિસાબમાંથી ઉછીના લેવાનો આ એક સંભવિત સ્ત્રોત છે. તેનો ઉપયોગ છેલ્લા ઉપાય તરીકે તફાવત ભરપાઈ કરવા પુરતો કરવાનો છે. જ્યારે પણ, અન્ય સ્ત્રોતોમાંથી ઉપલબ્ધ ઉછીના અને વિત્તીય ખાધની ગણતરીમાં મૂડી ખર્ચની જરૂરીયાત વચ્ચે તફાવત પડે ત્યારે

જાહેર હિસાબમાંથી લોનનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે, ૨૦૦૫-૦૬ના વર્ષ બાદ આ પ્રાપ્તિઓ શૂન્ય થવાનો અંદાજ છે.

**(૩) કુલ ખર્ચ :-** કુલ ખર્ચને મહેસૂલ અને મૂડી હિસાબ ખાતે વર્ગીકૃત કરવામાં આવે છે. મહેસૂલ હિસાબમાં આયોજન અને આયોજન બહાર હેઠળના ખર્ચનો સમાવેશ થાય છે. આયોજન હેઠળનું મહેસૂલી ખર્ચમાં ૨૦૦૫-૦૬ પછીના વર્ષે ૭ ટકાના દરે વૃધ્ધિ થવાની સંભાવના છે. આયોજન બહાર હેઠળના ખર્ચમાં ૪.૯૫ ટકાના દરે વૃધ્ધિ થવાની સંભાવના છે. આ પ્રક્ષેપણોમાં ડી.સી.આર.એફ. યોજના હેઠળ વ્યાજમાં રાહતનો પણ સમાવેશ થાય છે.

**(ક) મહેસૂલ હિસાબ :-** મહેસૂલ હિસાબમાં મુખ્યત્વે પગાર, પેન્શન, વ્યાજની ચુકવણી અને સહાયકીઓનો સમાવેશ થાય છે.

**૧.વ્યાજની ચુકવણી :-** ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટે ઉછીનું સરેરાશ ખર્ચ ૧૦.૨ ટકા હતું અને આ ૨૦૦૫-૦૬માં આ ખર્ચ ઘટીને ૯.૪૨ ટકા થવાનો અંદાજ છે. પ્રક્ષેપણ માટે પણ આનો જ આધાર લેવામાં આવ્યો છે.

**૨.મુખ્ય સહાયકીઓ :-** સામાન્ય સહાયકીઓ માટેનો વૃધ્ધિ દર ૭ ટકા અંદાજવામાં આવ્યો છે. વીજળી સહાયકી જી.યુ.વી.એન.એલ.ના નાણાકીય પુર્નગઠન આયોજનને સૈધ્ધાંતિક મંજુરી આધારિત છે અને તે વાસ્તવિક છે.

**૩.પગાર :-** ૨૦૦૫-૦૬ પછીના વર્ષે પગારમાં ૨ ટકાના દરે વધારાનો અંદાજ છે.

**૪.પેન્શન :-** ૨૦૦૫-૦૬ના વર્ષ પછી પેન્શનમાં ૭ ટકાના દરે વધારો થવાનો અંદાજ છે.

**(ખ) મૂડી હિસાબ :-**

**૧. લોન અને પેશગીઓ :-** લોન અને પેશગીઓમાં વાર્ષિક ૮ ટકાના દરે વૃધ્ધિ થવાનો અંદાજ છે.

**૨. મૂડી ખર્ચ જોગવાઈ :-** મૂડી ખર્ચ જોગવામાં વાર્ષિક ૮ થી ૧૦ ટકાના દરે વૃધ્ધિ થવાનો અંદાજ છે.

**૩. લોન અને પેશગીઓની ફાળવણી :-** ૨૦૦૫-૦૬ના વર્ષ પછી તેમાં ૮ ટકાના દરે વૃધ્ધિ થવાનો અંદાજ છે.

**(૪) એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં વૃધ્ધિ :-** રાજ્ય નાણા તંત્રમાં જી.એસ.ડી.પી. મહત્વનું આર્થિક પરિબળ છે. તે રાજ્યની કર ક્ષમતા નક્કી કરે છે અને એ રીતે તે અંદાજપત્રનું કદ નક્કી કરે છે. સમય અને સ્થળના સંદર્ભમાં વિત્તીય કામગીરીની તુલનાત્મક આકારણી કરવા માટે તમામ વિત્તીય પારામિટર્સને જી.એસ.ડી.પીના પ્રમાણમાં રજુ કરવામાં આવે છે. ડી.સી.આર.એફ માર્ગદર્શિકામાં સૂચવાયું છે કે ૨૦૦૪-૦૫ના વર્ષને આધાર વર્ષ ગણવામાં આવે તો જી.એસ.ડી.પી.માં ૧૨.૮ ટકાના દરે વૃધ્ધિ થવાનો અંદાજ છે. ડી.સી.આર.એફ માર્ગદર્શિકામાં ૨૦૦૪-૦૫ના વર્ષનો સૂચવાયેલ જી.એસ.ડી.પી. રૂા. ૧૫૮૦૬૭ કરોડ છે. ૨૦૦૪-૦૫ના ઝડપી અંદાજ મુજબ, સામાન્ય દરે જી.એસ.ડી.પી. રૂા. ૧૭૯૫૪૪ કરોડનો છે. આમ, આયોજન, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગે રજુ કરેલ ઝડપી અંદાજોમાંથી ૨૦૦૪-૦૫ના વર્ષ માટેનો જી.એસ.ડી.પી. સ્વીકારવાનો છે. ડી.સી.આર.એફ. એ રાજ્ય જી.એસ.ડી.પી. માટે ૧૨.૮ ટકાનો વૃધ્ધિ દર સૂચવ્યો છે જ્યારે મીડીયમ ટર્મ ફીસ્કલ પોલીસી સ્ટેટમેન્ટમાં ૨૦૦૫-૦૬ના વર્ષ દરમિયાન સામાન્ય દરે જી.એસ.ડી.પીનો વૃધ્ધિ દર ૧૩.૯૦ ટકા સૂચવ્યો છે. (અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકે રજુ કરેલ આગોતરો અંદાજ). ૧૯૯૩-૯૪ થી ૨૦૦૩-૦૪ના વર્ષના સમયગાળા દરમિયાન, સામાન્ય દરે જી.એસ.ડી.પી.નો વાર્ષિક વૃધ્ધિ દર ૧૩.૨૮ ટકા (ટ્રેન્ડ લાઈનનો ઉપયોગ કરી ગણતરી કરતાં) અંદાજવામાં આવ્યો છે. આમ, ૨૦૦૫-૦૬ના વર્ષ દરમિયાન સામાન્ય સંદર્ભમાં ૧૩.૯ નો વૃધ્ધિ દર અને ત્યાર પછીના ચાર વર્ષો દરમિયાન ૧૩.૨૮ ટકા અંદાજવો વ્યાજબી છે. જો કે, પ્રાચલોના કોઈપણ વર્ષ દરમિયાન ચોમાસું નિષ્ફળ થાય તો આ પ્રાચલો પર તેની વિપરીત અસર પડી શકે છે.

**(ક) સુવાજ્ઞતાની આકારણી / મુલ્યાંકન**

**(૧) આવક (પ્રાજ્ઞિ) અને ખર્ચ વચ્ચે તથા સામાન્ય અને મહેસૂલ આવક અને મહેસૂલ ખર્ચ વચ્ચે વિશેષ તથા સંતુલન :** આ અધિનિયમમાં દર્શાવેલી મહેસૂલી ખાધ અને રાજવિત્તીય ખાધના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે, સામાન્ય તથા કુલ મહેસૂલ ખર્ચ અને વિશેષતઃ મહેસૂલ ખર્ચ કરતાં વધુ ઝડપી દરે મહેસૂલની આવક વધે તે જરૂરી છે. ગુજરાત રાજ્ય વિકાસ પરિયોજના (જી.એસ.ડી.પી)ને વર્ષ ૨૦૦૫-૦૬માં કુલ મહેસૂલની આવકનું પ્રમાણ ૧૨.૨૮ ટકા છે અને વર્ષ ૨૦૦૯-૧૦ સુધી એ પ્રમાણ જ રહે એવી અપેક્ષા છે. જેમાંથી ગુજરાત રાજ્ય વિકાસ પરિયોજના (જી.એસ.ડી.પી.)નું પોતાનું કરનું પ્રમાણ ૭.૪ ટકા છે. જે વર્ષાંતે ૭.૪ ટકા સુધી પહોંચશે. કર સિવાયની આવક વધારવા માટે વપરાશકાર ખર્ચની (નિયત) સમયાંતરે, તેની સુવાહતા જાળવી રાખવાના ખ્યાલ ધ્યાનમાં રાખી તેની સમીક્ષા કરવી જોઈશે. વિકાસના પ્રયત્નો ચાલુ રાખવા માટે આયોજન બહારના મહેસૂલ ખાતા અંગેનું ખર્ચ વાર્ષિક વિકાસમાં ૪.૯૫ ટકા સુધી સમાવિષ્ટ કરવું અને આયોજન હેઠળના મહેસૂલ ખર્ચને ૭ ટકા સુધી વધારવો જોઈશે. પગાર અને પેન્શન અંગેનું ખર્ચ મુખ્ય પારમિતિઓ છે. પગાર અંગેનું ખર્ચ ૨ ટકાથી અને પેન્શન અંગેનું ખર્ચ ૭ ટકાથી વધારે વધવું ન જોઈએ. સહાયકીઓ વ્યાજબી સ્તરે રાખવી જોઈએ.

**(૨) દેવું :** દેવા એકત્રીકરણ સવલતો, વ્યાજ રાહત અને વધુ કરજે લીધેલ નાણા અંગે વ્યાજની ચૂકવણી માટે વધુ સાવધાની રાખવી જોઇશે. રાજવિત્તીય ખાધ જુમ્મેદારીઓ ઉછીના લીધેલાં નાણા દ્વારા મૂડી આવકની મર્યાદા નિયત કરવી પડશે.

**(૩) આકસ્મિક જુમ્મેદારીઓ :** અધિનિયમ દ્વારા આકસ્મિક જુમ્મેદારીઓ નિયત મર્યાદામાં રાખવામાં આવશે.

**(૪) ઉત્પાદક અસ્કયામતો ઊભી કરવા માટે બજાર કરજ સહિત મૂડી પ્રાજ્ઞિ (આવક) નો ઉપયોગ :** વર્ષ ૨૦૦૬-૦૭ માં રાજય અધિશેષ મહેસૂલ પ્રાજ્ઞ કરશે, મેળવેલ મૂડીનો મોટો ભાગ સરકારે આપેલી પ્રાથમિકતા મુજબ સિંચાઇ, વીજળી, માર્ગ અને મકાનમાં

મૂડીનિર્માણ માટે વાપરવામાં આવશે. આગામી અંદાજપત્રમાં સિંચાઇ, વિદ્યુત અને માર્ગ-પુલ માટે આયોજન હેઠળની મૂડી ખર્ચ-જોગવાઇ અનુક્રમે રૂા. ૩૯૬૬.૪૯ કરોડ, રૂા. ૫૯૨.૯૮ કરોડ અને રૂા. ૯૭૭.૮૩ કરોડ છે.

**(૩) અંદાજિત વાર્ષિક પેન્શન જવાબદારીઓ** વીમાના આધારે ગણી કાઢવામાં આવી રહી છે. જો કે, સંક્રાંતિકાળ પેન્શન જવાબદારીઓ વર્ષોવર્ષ વૃદ્ધિ વલણ દર (એટલે કે જે માટેની આધાર-માહિતી ઉપલબ્ધ હોય તેવા છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ખરેખર પેન્શન ચુકવણીઓની વૃધ્ધિનો સરેરાશ દર)ના આધારે અંદાજવામાં આવશે. ૨૦૦૬-૦૭ માટેના તેમજ ૨૦૦૭-૦૮ પછીના બજેટ અંદાજ ૭ ટકા સરેરાશ વૃધ્ધિ દરે વિચારવામાં આવ્યા છે.

## <u>નમૂનો ક-૨</u>

## (જુઓ નિયમ ૫)

## રાજવિત્તીય નીતિવિષયક વ્યૂહરચનાને લગતું નિવેદન

### ૧. રાજવિત્તીય નીતિનું વિહંગાવલોકન :

રાજયની રાજવિત્તીય નીતિનો ઉદ્દેશ, ઉચ્ચ મૂડીરોકાણ અને સામાજિક તેમજ રાજવિત્તીય આધાર-માળખું સુનિશ્ચિત કરવા મૂડી ખર્ચ વધારવાનો છે. આ હેતુ સિદ્ધ કરવા માટે રાજયની મહેસૂલ આવક વધારવા અને મહેસૂલ ખર્ચને અંકુશમાં રાખવો જરૂરી છે. સરકાર કર-આધાર વધારવા અને કર-વસૂલાત સુધારવાનો પ્રયત્ન કરી રહી છે. રાજય સરકાર મહેસૂલ ખર્ચ પર નિયંત્રણ રાખવાનો પ્રયત્ન કરી રહી છે અને તેમાં મહદ્ અંશે સફળ થઇ છે.

### ૨. આગામી વર્ષ માટે રાજવિત્તીય નીતિ :

રાજય સરકાર, મહેસૂલ આવક વધારવાની નીતિનો અમલ કરવાનું ચાલુ રાખશે અને આગામી નાણાકીય વર્ષમાં પણ ઉપર તૈયાર કરેલી રૂપરેખા અનુસાર મહેસૂલ ખર્ચને અંકુશમાં રાખશે.

### ૨.૧ કરનીતિ :

રાજય સરકાર, કરવેરાના દરમાં વધારો કર્યા વગર કે કોઇપણ નવો કર નાખ્યા વિના, કરવેરાની આવક વધારવાનો પ્રયત્ન કરે છે. રાજય સરકારનો ઉદ્દેશ મહત્વના કર સુધારા કરવાનો, કર-આધાર વિસ્તૃત કરવાનો, કર અનુપાલન વધારવાનો, કર વહીવટીતંત્રને વધુ કાર્યક્ષમ બનાવવાનો છે, જેથી જી.એસ.ડી.પી.ના પ્રમાણમાં વધુ કર પ્રાપ્ત થઇ શકે. રાજય સરકાર ૧-૪-૨૦૦૬થી વેટ (મૂલ્યવર્ધિત કર) નો અમલ શરૂ કરશે. સ્ટેમ્પ શુલ્ક અને વિદ્યુત શુલ્કની બાબતમાં કરવેરાને તર્કસંગત બનાવી મધ્યમ દરો સાથે વ્યાપક પ્રમાણમાં લોકો કર ભરતા થાય એવું કર-માળખું ઊભું કરવાના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. રાજય સરકારે મનોરંજન કર-માળખું

અને મોજશોખની ચીજો પરના કરને તર્કસંગત બનાવ્યું છે. મોટરવાહન પરના કરને પણ તર્કસંગત બનાવવાના પ્રયત્નો થઇ રહયા છે.

**૨.૨ ઉપભોક્તા ખર્ચ પર કર :**

રાજય સરકાર શકય તેટલા પ્રમાણમાં ઉપભોક્તા ખર્ચ વસૂલ કરવાના પ્રયત્ન કરી રહી છે. સેવા વિતરણનાં કેટલાંક ક્ષેત્રોમાં ખર્ચની સંપૂર્ણ વસૂલાત શકય ન હોવાનું જણાયું છે. જો કે, ક્રમસે ક્રમ સંચાલન અને નિભાવ ખર્ચ તો શકય તેટલા પ્રમાણમાં વસૂલ કરવાના પ્રયત્નો ચાલુ રહેશે.

**૨.૩ કરજ અને અન્ય જવાબદારીઓ :**

બજેટમાં (બજેટ પ્રવચનના ભાગ-ખ માં આપવામાં આવેલા કર-લાભને ગણતરીમાં લીધા વિના) વર્ષ ૨૦૦૬-૦૭માં મહેસૂલ પુરાંતનો નિર્દેશ કર્યો હોવાથી કરજે લીધેલાં નાણાં પરની નિર્ભરતા ઓછી થશે, વિત્તીય ખાધ જે સ્તરે મર્યાદિત રાખવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તે જોતાં કરજ સીમિત રહેશે. જેમાં બજારમાંથી નાણાંની પાકતી તારીખે ચુકવણી થઇ શકે તે માટે એકત્રિત દેવાડૂબત નિધિમાં વધારો કરવાનું ચાલુ રાખવામાં આવશે.

**૨.૪ ખર્ચ નીતિ :**

રાજય સરકારે આયોજન બહારના મહેસૂલ ખર્ચને અંકુશમાં રાખવા કેટલીક પહેલો કરી છે. આ ઉપાયોમાં ખાલી જગ્યાઓની નાબૂદી, ખાલી જગ્યાઓ ભરવાનું ટાળવા હાલના કર્મચારીવર્ગની પુનઃનિયુક્તિ, મોટાભાગે નિયત પગારના આધારે જરૂરી કર્મચારીઓની ભરતી, ૧-૪-૦૫ના રોજ કે તે પછી નોકરીમાં જોડાયેલા કર્મચારીઓ માટે નિર્ધારિત હિસ્સા પેન્શન યોજનાના અમલનો સમાવેશ થાય છે. આ માપદંડોના પરિણામે છેલ્લા ૪ વર્ષ દરમિયાન મહેસૂલ ખર્ચ, ખાસ કરીને આયોજના બહારના મહેસૂલ ખર્ચ નિયંત્રણમ઼ા રહયું છે. રાજય સરકાર મહેસૂલ ખર્ચની વૃદ્ધિને અંકુશમાં રાખવાના પ્રયત્નો ચાલુ રાખશે. ઉપરાંત, રાજય સરકાર ખર્ચની ગુણવત્તા સુધારવાના પ્રયત્નો કરશે. આવા પ્રયત્નના ભાગરૂપે રાજય સરકારે સહાયક અનુદાન

પ્રાપ્ત કરતી સંસ્થાઓને તેમની કામગીરી મુજબ અનુદાન છૂટું કરવાની જાહેરાત કરી છે.

**૨.૫ આકસ્મિક અને અન્ય જવાબદારીઓ :**

રાજય સરકારે આપેલી બાંહેધરીને ઓછી કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે જેના પરિણામે સરકારની બાકી બાંહેધરી, ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ, ૧૯૯૩માં નિયત કરવામાં આવેલ નિમ્ન કક્ષા કરતા પણ વધુ ઓછા સ્તરે મર્યાદિત રાખી શકાઇ છે. રાજય સરકારની બાંહેધરીઓને કારણે ઊભી થતી કોઇપણ આકસ્મિક જવાબદારીને પહોંચી વળવા બાંહેધરી ફેડણી નિધિ ઊભો કરવામાં આવ્યો છે. પ્રાપ્ત કરેલી બાંહેધરી ફીમાં વધારો કરવા બાંહેધરી ફેડણી ભંડોળ ચાલુ રાખવામાં આવશે.

**૩. આગામી વર્ષ માટેની વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ :**

આગામી વર્ષે રાજય સરકારની પ્રાથમિકતા, મૂલ્યવર્ધિત કરનો સરળતાપૂર્વક અમલ અને કરવેરાની ઉત્પ્લવતા (બોયન્સી) માં સુધારો સુનિશ્ચિત કરવાની છે. જુદા જુદા કર માટેના દરો અને તેમના કરમાળખાંને તર્કસંગત બનાવવાની બાબતને પણ ઉચ્ચ અગ્રતા આપવાનું ચાલુ રાખવામાં આવશે. ખર્ચની બાબતમાં પણ ગુણવત્તા સુનિશ્ચિત કરવાની બાબતને પણ અગ્રતા આપવામાં આવશે. દેવાંસંચાલન અને આકસ્મિક જવાબદારીઓ અંગેનું સંચાલન પણ ઉચ્ચ પ્રાથમિકતા મેળવવાનું ચાલુ રાખશે.

**૪. નીતિવિષયક પરિવર્તનો અંગેનો તર્ક**

ભારત સરકારે બ્લોક લોન આપવાનું બંધ કરવાનું નક્કી કર્યું હોવાથી રાજય સરકારે તેનું પોતાનું કરજ વધારવું પડશે. આ કરજ શકય એટલા ઓછા ખર્ચે વધારવાનો ઉદેશ રાખવામાં આવ્યો છે. રાજયની વિત્તીય પારમિતિઓ તંદુરસ્ત હોય તો જ આમ કરવું શકય બનશે. આ માટે બજારમાંથી, એન.એસ.એસ.એફ. પાસેથી અને નાબાર્ડ પાસેથી લોન પ્રાપ્ત કરવામાં આવી રહી છે. તા. ૧-૪-૨૦૦૫ પછી આ પ્રકારની

નવી બાહય લોનો રાજય સરકારને શૃંખલાબદ્ધ લોનો (બેક ટુ બેક બેસિસ) ના આધારે  પ્રાપ્ત થશે. આનો અર્થ એ કે રાજય સરકારે વ્યાજના દર અને વિદેશી હુંડિયામણમાં વધઘટ- એમ બંને પ્રકારનાં જોખમોનો સામનો કરવો પડશે. આ જોખમ ઓછું કરવા માટે એક નવી નીતિ ઘડવી આવશ્યક છે.

**પ. નીતિસંબંધી મૂલ્યાંકન**

વિત્તીય નીતિ સંબંધી ધારણાઓ ભૂતકાળના આંકડાઓ પર આધારિત છે. આંકડા રજૂ કરવા માટેનાં જરૂરી તમામ પત્રકો પૂરાં પાડવામાં આવ્યાં છે, સિવાય કે ફોર્મ નં. ખ-૭, ખ-૮ અને ખ-૯ માંની કેટલીક બાબતો કે જે અંગે માહિતી સંપાદિત કરવામાં આવી રહી છે.

## પત્રક-ખ-૧

## (જુઓ નિયમ-૭)
## રાજવિત્તીય સૂચકો

| ક્રમ નં. | બાબત | અગાઉના વર્ષના ખરેખર આંકડાઓ | | ચાલુ વર્ષ | ચાલુ વર્ષ | આવતું વર્ષ |
|---|---|---|---|---|---|---|
| | | વર્ષ - ૩ | વર્ષ - ૨ | વર્ષ - ૧ બજેટ અંદાજો | વર્ષ-૧ સુધારેલ અંદાજો | વર્ષ બજેટ અંદાજો |
| | | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | મહેસૂલ ખાધ | -૩૭૦૬.૬૧ | -૪૦૩૬.૮૬ | -૧૪૩૮.૬૬ | -૩૩૪.૫૯ | ૬.૩ |
| ૨ | રાજવીત્તિય ખાધ | -૯૧૪૩.૩૦ | -૮૬૯૦.૫૪ | -૭૪૩૮.૦૦ | -૬૬૪૮.૦૬ | -૬૮૭૯.૯૫ |
| ૩ | જાહેર દેવું | ૫૦૩૬૪.૦૦ | ૫૭૯૨૦.૦૦ | ૬૫૦૯૮.૦૦ | ૬૫૨૮૩.૦૦ | ૭૨૫૪૦.૦૦ |
| ૪ | જી.એસ.ડી.પી.ની ટકાવારી મુજબ મહેસૂલ ખાધ | ૨.૨૪ | ૨.૨૫ | ૦.૭૦ | ૦.૧૬ | ૦.૦૦ |
| ૫ | જી.એસ.ડી.પી.ની ટકાવારી મુજબ રાજવીત્તિય ખાધ | ૫.૫૨ | ૪.૮૪ | ૩.૬૪ | ૩.૨૫ | ૨.૯૬ |
| ૬ | જી.એસ.ડી.પી.ની ટકાવારી મુજબ જાહેર દેવું | ૩૦.૩૯ | ૩૨.૨૬ | ૩૧.૮૨ | ૩૧.૯૧ | ૩૧.૩૦ |
| ૭ | મહેસૂલ ખર્ચ સામે મહેસૂલ પ્રાપ્તિઓ | ૦.૭૪ | ૦.૭૪ | ૦.૮૧ | ૦.૮૫ | ૦.૮૬ |
| ૮ | એકંદરે રાજવીત્તિય ખાધની ટકાવારી પ્રમાણે મૂડી ખર્ચ જોગવાઈ | ૩૫.૧૨ | ૪૭.૧૮ | ૭૨.૧૭ | ૮૭.૪૮ | ૯૪.૫૩ |
| ૯ | મહેસૂલ પ્રાપ્તિઓની ટકાવારી પ્રમાણે જાહેર દેવા પર વ્યાજની ચુકવણી | ૨૮.૧૭ | ૨૬.૮૨ | ૨૩.૬૦ | ૨૩.૦૨ | ૨૪.૫૭ |
| ૧૦ | મહેસૂલ પ્રાપ્તિની ટકાવારી પ્રમાણે પગાર ખર્ચ | ૩૪.૪૭ | ૩૧.૫૪ | ૨૮.૭૫ | ૨૬.૫૬ | સંપાદીત કરવામાં આવી રહી છે. |
| ૧૧ | મહેસૂલ પ્રાપ્તિની ટકાવારી પ્રમાણે પેન્શન ખર્ચ | ૯.૫૦ | ૯.૩૩ | ૭.૫૧ | ૭.૨૫ | ૭.૨૬ |
| ૧૨ | કુલ પ્રત્યક્ષ સહાય | ૩૩૧૫.૭૬ | ૩૩૩૬.૦૬ | ૨૮૪૮.૬૬ | ૩૫૮૧.૨૫ | ૩૧૭૮.૭૮ |

# પત્રક - ખ-૨ (ક)
## (જુઓ નિયમ-૭)
## ક.રાજ્ય સરકારની જવાબદારીઓના ઘટકો

**(રૂા. કરોડમાં)**

| **ક્રમ નં.** | **કક્ષા** | **ચાલુ વીતિય વર્ષ દરમિયાન વધારો** | | **વીતિય વર્ષ દરમિયાન પુનઃ ચુકવણી ફેડણી** | | **બાકી રકમ (માર્ચ-અંતમાં)** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **અગાઉના વર્ષના (વર્ષ-૨) ખરેખર આંકડા ૨૦૦૪-૦૫** | **ચાલુ વર્ષ (સુધારેલા અંદાજો) વર્ષ-૧ ૨૦૦૫-૦૬** | **અગાઉના વર્ષ (વર્ષ-૨) ખરેખર આંકડા ૨૦૦૪-૦૫** | **ચાલુ વર્ષના (સુધારેલા અંદાજો) વર્ષ-૧ ૨૦૦૫-૦૬** | **અગાઉના વર્ષના (વર્ષ-૨) ખરેખર અંકડાઓ ૨૦૦૪-૦૫** | **ચાલુ વર્ષના સુધારેલ અંદાજો વર્ષ-૧ ૨૦૦૫-૦૬** |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** | **(૭)** | **(૮)** |
| ૧ | એન.એસ.એસ.એફ. ને આપવામાં આવેલી ખાસ જામીનગીરીઓ | ૮૭૮૭.૭૫ | ૭૦૬૨.૯૬ | ૧૨૯.૭૫ | ૧૨૯.૭૫ | ૩૦૬૦૯.૮૧ | ૩૭૫૪૩.૦૩ |
| ૨ | કેન્દ્રમાંથી લોન | ૧૮૧૮.૧૨ | ૯૮૧.૮૧ | ૪૫૯૫.૦૭ | ૧૫૯૦.૩૫ | ૧૧૪૩૧.૪૧ | ૧૦૮૨૨.૮૮ |
| ૩ | બજારમાંથી લીધેલ કરજ | ૨૦૨૦.૪૬ | ૬૦૨.૨૭ | ૧૭૯.૯૨ | ૨૩૫.૧૧ | ૧૪૩૫૮.૨૪ | ૧૪૭૨૫.૪૦ |
| ૪ | નાણાકીય સંસ્થાઓ / બેંકો પાસેથી લીધેલ કરજ | ૭૦૨.૧૫ | ૯૬૪.૦૧ | ૮૩૭.૮૯ | ૨૯૨.૭૯ | ૧૫૨૦.૭૧ | ૨૧૯૧.૯૪ |
| | **જાહેર દેવું (૧ થી ૪)** | **૧૩૩૨૮.૪૮** | **૯૬૧૧.૦૫** | **૫૭૪૨.૬૩** | **૨૨૪૭.૯૯** | **૫૭૯૨૦.૧૮** | **૬૫૨૮૩.૨૪** |
| ૫ | આર.બી.આઈ.માંથી ડબલ્યુએમએ/ ઓડી | ૩૦૭૨.૫૨ | ૧૦૦૦.૦૦ | ૩૧૧૪.૯૬ | ૧૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | નાની બચતો, સરકારી કર્મચારીઓની ભવિષ્ય નિધિ વગેરે | ૮૨૫.૧૩ | ૧૦૨૪.૨૭ | ૫૯૪.૬૮ | ૧૦૨૪.૨૭ | ૩૮૭૧.૭૩ | ૩૮૭૧.૭૩ |
| ૭ | પેન્શન જવાબદારીઓ | - | - | - | - | - | - |
| ૮ | અનામત નિધિ / થાપણો / અન્ય કર્મચારીઓની ભવિષ્ય નિધિ | ૧૧૨૮૫.૪૨ | ૧૪૬૩૦.૬૬ | ૧૦૮૨૨.૩૧ | ૧૪૯૮૦.૬૭ | ૯૨૯૦.૭૩ | ૮૯૪૦.૭૩ |
| ૯ | અન્ય જવાબદારીઓ | - | - | - | - | ૯૮૨.૪૧ | ૯૮૨.૪૧ |
| | **કુલ જવાબદારીઓ (૧ થી ૯)** | **૨૮૫૧૧.૫૫** | **૨૬૨૬૫.૯૮** | **૨૦૨૭૪.૫૮** | **૧૯૨૫૨.૯૩** | **૭૨૦૬૫.૦૫** | **૭૯૦૭૮.૧૧** |

(*) પેન્શનની જવાબદારીઓના અંદાજ વીમા આધારિત પધ્ધતિ અનુસાર અંદાજવામાં આવી રહ્યા છે.

**પત્રક ખ-૨ (ખ)**

**(જુઓ નિયમ-૭)**

## ખ- રાજ્યની જવાબદારીઓ ઉપર ભારીત સરેરાશ વ્યાજ

(ટકામાં)

| **ક્રમ નં.** | **કક્ષા** | **ચાલુ વીત્તિય વર્ષ દરમિયાન વધારો** | | **બાકી રકમ (માર્ચ-અંતમાં)** | |
|---|---|---|---|---|---|
| | | **અગાઉના વર્ષના (ખરેખર આંકડા) ૨૦૦૪-૦૫** | **ચાલુ વર્ષના (સુધારેલ અંદાજો) ૨૦૦૫-૦૬** | **અગાઉના વર્ષના (ખરેખર આંકડા) ૨૦૦૪-૦૫** | **ચાલુ વર્ષના (સુધારેલ અંદાજો) ૨૦૦૫-૦૬** |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| ૧ | એન.એસ.એસ.ને આપવામાં આવેલી ખાસ જામીનગીરીઓ | ૧૦.૩૯ | ૯.૫૦ | ૩૦૬૦૯.૮૧ | ૩૭૫૪૩.૦૩ |
| ૨ | કેન્દ્રમાંથી લોન | ૧૧.૩૫ | ૯.૦૦ | ૧૧૪૩૧.૪૧ | ૧૦૮૨૨.૮૭ |
| ૩ | બજારમાંથી લીધેલ લોન | ૮.૨૮ | ૭.૭૦ | ૧૪૩૫૮.૨૪ | ૧૪૭૨૫.૪૦ |
| ૪ | નાણાકીય સંસ્થાઓ / બેંકોમાંથી લીધેલ લોન | ૮.૮૯ | ૬.૫૦ | ૧૫૨૦.૭૧ | ૨૧૯૧.૯૪ |
| | **જાહેર દેવું (કુલ ૧ થી ૪)** | **૧૦.૦૨** | **૯.૦૪** | **૫૭૯૨૦.૧૮** | **૬૫૨૮૩.૨૪** |
| ૫ | આર.બી.આઈ.માંથી ડબલ્યુએમએ/ ઓડી | - | - | - | - |
| ૬ | નાની બચતો, ભવિષ્ય નિધિ વગેરે | ૮.૧૬ | ૮.૦૦ | ૩૮૭૧.૭૩ | ૩૮૭૧.૭૩ |
| ૭ | પેન્શન જવાબદારીઓ | - | - | - | - |
| ૮ | અનામત નિધિ / થાપણો | ૦.૧૮ | - | ૯૨૯૦.૭૩ | ૮૯૪૦.૭૩ |
| ૯ | અન્ય જવાબદારીઓ | - | - | ૯૮૨.૪૧ | ૯૮૨.૪૧ |
| | **કુલ જવાબદારીઓ (૧ થી ૯)** | | | **૭૨૦૬૫.૦૫** | **૭૯૦૭૮.૧૧** |

## પત્રક - ખ-૩
## (જુઓ નિયમ - ૭)
## એકત્રિત ડૂબત નિધિ

**(રકમ રૂા. કરોડમાં)**

| અગાઉના વર્ષની શરૂઆતમાં એકત્રિત ડૂબત નિધિમાં બાકી સિલક | અગાઉના વર્ષ દરમિયાન થયેલો વધારો | અગાઉના વર્ષ દરમિયાન ડૂબત નિધિમાંથી ઉપાડ | અગાઉના વર્ષના અંતે / ચાલુ વર્ષની શરૂઆતમાં ડૂબત નિધિમાં બાકી સિલક | એસએસઆર ઋણનો બાકી સ્ટોક ખાતું .૪ (ટકા) | ચાલુ વર્ષ દરમિયાન વધારો | ચાલુ વર્ષ દરમિયાન ડૂબત નિધિમાંથી ઉપાડ | અગાઉના વર્ષના અંતે /આવતાં વર્ષની શરૂઆતમાં ડૂબત નિધિમાં બાકી સિલક | એસએસઆર ઋણનો બાકી સ્ટોક ખાતું .૮ (ટકા) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૪-૦૫/ ૨૦૦૫-૦૬ | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૫-૦૬ / ૨૦૦૬-૦૭ | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| ૭૦ | ૨૫૦ | ૦ | ૩૨૦ | ૨.૫૩ | ૧૩૦૧ | ૦ | ૧૬૨૧ | ૧૨.૪૭ |

અહેવાલનું વર્ષ ૨૦૦૪-૦૫

## પત્રક ખ-૪
## (જુઓ નિયમ- ૭)
## સરકારે આપેલી બાંયધરીઓ

**(રૂા. કરોડમાં)**

| કક્ષા (કૌસમાં બાંયધરીનો નં. | વર્ષ દરમિયાન આપેલી બાંયધરીની મહત્તમ રકમ | વર્ષની શરૂઆતમાં બાકી | ૨૦૦૪-૦૫ દરમિયાન વધારો | વર્ષ દરમિયાન ઘટાડો (વર્ષ દરમિયાન પાછી ખેંચી હોય તે સિવાય) | વર્ષ દરમિયાન પાછી ખેંચી હોય તેવી (રૂા. કરોડમાં) ૨૦૦૪-૦૫ | | વર્ષના અંતે બાકી | બાંયધરીનું કમિશન અથવા ફી (રૂા. કરોડમાં) ૨૦૦૪-૦૫ | | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | છુટી કરવામાં આવેલી | છુટી નહી કરવામાં આવેલ | | મળવાપાત્ર | મળેલી | |
| | ૨૦૦૪-૦૫ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૪-૦૫ | | | ૨૦૦૪-૦૫ | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| | ૧૭૬૨૪ | ૧૭૬૨૪ | ૧૩૮૩ | ૩૩૨૫ | ૦ | ૦ | ૧૫૬૮૩ | ૧૬૭ | ૧૬૭ | |

અહેવાલનું વર્ષ ૨૦૦૪-૦૫

**પત્રક -ખ-૫**

**(જુઓ નિયમ - ૭)**

**જોખમ યુક્ત બાકી બાંયધરીઓ**

**(રૂા. કરોડમાં)**

| **કસૂરની સંભવિતતા** | **જોખમનું પ્રમાણ (ટકા)** | **વર્ષ દરમિયાન વણચુકવાયેલ રકમ** | | **વર્ષ દરમિયાન જોખમયુક્ત બાકી બાંયધરીઓ** | |
|---|---|---|---|---|---|
| | | **૨૦૦૩-૦૪** | **૨૦૦૪-૦૫** | **૨૦૦૩-૦૪** | **૨૦૦૪-૦૫** |
| પ્રત્યક્ષ જવાબદારીઓ | ૧૦૦ | ૧૧ | ૨૨૯ | ૧૧ | ૨૨૯ |
| વધારે જોખમ | ૭૫ | ૬૦ | ૧૯૨ | ૪૫ | ૧૪૪ |
| મધ્યમ જોખમ | ૫૦ | ૫૬ | ૫૬ | ૨૮ | ૨૮ |
| ઓછું જોખમ | ૨૫ | ૭૫૦૪ | ૧૭૩૧ | ૧૮૭૬ | ૪૩૩ |
| ઘણું ઓછું જોખમ | ૫ | ૨૨૯ | ૫૮૭ | ૧૧ | ૨૯ |
| **સરવાળો વણચુકવાયેલ** | | **૭૮૬૦** | **૨૭૯૫** | **૧૯૭૧** | **૮૬૩** |

**નોંધઃ-** જુદી જુદી કક્ષાઓ માટે જોખમનું પ્રમાણ પહેલેથી નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે.

અહેવાલનું વર્ષ -૨૦૦૪-૦૫

**પત્રક - ખ-૬**

**(જુઓ નિયમ ૭)**

**બાંયધરી ફેડણી નિધિ (જી.આર.એફ)**

**(રૂા.કરોડમાં)**

| **ક્રમ નં.** | **ગત વર્ષના અંતે બાકી ઉભી કરેલી બાંયધરીઓ** | **ગત વર્ષના અંતે બાંયધરી ફેડણી નિધિમાં વણચુકવાયેલ રકમ** | **ચાલુ વર્ષ દરમિયાન ઉભી થનાર સંભવિત બાંયધરીઓ ની રકમ** | **ચાલુ વર્ષ દરમિયાન બાંયધરી ફેડણી નિધિમાં કરેલ વધારો** | **ચાલુ વર્ષ દરમિયાન ફેડણી નિધિમાંથી ઉપાડેલ રકમ** | **ચાલુ વર્ષના અંતે બાંયધરી ફેડણી નિધિમાં બાકી રકમ** |
|---|---|---|---|---|---|---|
| | **૨૦૦૪-૦૫** | **૨૦૦૪-૦૫** | **૨૦૦૫-૦૬** | **૨૦૦૫-૦૬** | **૨૦૦૫-૦૬** | **૨૦૦૫-૦૬** |
| | **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** |
| | કંઈ નહી | ૮૧૧ | - | ૨૧૩ | - | ૧૦૨૪ |

અહેવાલનું વર્ષ ૨૦૦૪-૦૫

ચાલુ વર્ષ ૨૦૦૫-૦૬

## પત્રક - ખ-૭

## (જુઓ નિયમ - ૭)

## કર મહેસૂલમાં વૃધ્ધિ પણ વસૂલ કરવામાં ન આવેલી રકમ (મુખ્ય કર)

**(અહેવાલ વર્ષના અંતે)**

| મુખ્ય સદર | વર્ણન | વિવાદ હેઠળની રકમ (રૂા. કરોડમાં) | | | | | વિવાદ હેઠળ ન હોય તેવી રકમ (રૂા. કરોડમાં) | | | | | સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એક વર્ષ કરતાં વધુ પણ બે વર્ષ કરતાં ઓછા | બે વર્ષ કરતાં વધુ પણ પાંચ વર્ષથી ઓછાં | પાંચ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષથી ઓછા | ૧૦ વર્ષ કરતાં વધુ | કુલ | એક વર્ષ કરતાં વધુ પણ બે વર્ષથી ઓછા | બે વર્ષ કરતાં વધુ પણ પાંચ વર્ષથી ઓછાં | પાંચ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષથી ઓછા | ૧૦ વર્ષ કરતાં વધુ | કુલ | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) |
| | વ્યવસાયો પર વેરો | ૦.૦૧ | ૦ | ૦ | ૦ | ૦.૦૧ | ૧.૭૯ | ૧.૫૫ | ૧.૦૯ | ૨.૮૮ | ૭.૩૧ | ૭.૩૨ |
| | જમીન મહેસૂલ | માહિતીનું એકત્રિત કરવામાં આવી રહી છે. | | | | | | | | | | |
| | સ્ટેમ્પ અને નોંધણી ફી | ૧૬.૭૮ | ૫૯.૦૮ | ૪૬.૬૮ | ૮.૭૫ | ૧૩૧.૨૯ | ૯૫.૦૬ | ૭૨.૨૧ | ૧૦૮.૯૨ | ૭૮.૭૭ | ૩૫૪.૯૬ | ૪૮૬.૨૫ |
| | ગુજરાત વેચાણ વેરા | ૧૩૭૯.૪૧ | ૧૭૭૧.૦૧ | ૫૯૦.૦૭ | ૧૧.૩૩ | ૩૭૫૧.૭૫ | ૪૬૮.૧૬ | ૩૪૦.૪૪ | ૫૬.૯૭ | ૨૩.૨૨ | ૮૮૮.૭૯ | ૪૬૪૦.૫૦ |
| | કેન્દ્રીય વેચાણ વેરો | ૩૨૫.૩૪ | ૪૯૮.૭૯ | ૧૭૦.૮૨ | ૧૪૧.૬૮ | ૧૧૩૬.૬૩ | ૮૮.૯૫ | ૪૮.૭૯ | ૨૩.૪૯ | ૮.૮૦ | ૧૭૦.૦૩ | ૧૩૦૬.૬૬ |
| | મોટર સ્પિરિટ અંગે કર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વેચાણ વેરા અંગે અધિક કર (સરચાર્જ) | ૪૨.૦૩ | ૯૪.૪૨ | ૨૪.૯૨ | ૧૪.૩૦ | ૧૭૫.૬૭ | ૩.૧૬ | ૪.૭૩ | ૩.૩૬ | ૨.૧૭ | ૧૩.૪૨ | ૧૮૯.૦૯ |
| | રાજ્ય આબકારી | | | | | | | | | | | |
| | વાહનો અંગે કર | **૦.૦૨** | **૦.૦૩** | **૦.૦૨** | | **૦.૦૬** | **૧૩.૦૦** | **૨૬.૯૯** | **૭.૦૬** | **૧.૪૯** | **૪૮.૫૫** | **૪૮.૬૧** |
| | વિદ્યુત શુલ્ક | **૩૭.૭૧** | **-** | **૩૭૦.૨૩** | **૧૩.૯૨** | **૪૨૧.૮૬** | **-** | **-** | **-** | **-** | **-** | **૪૨૧.૮૬** |
| | અન્ય કર | | | | | | | | | | | |
| | **સરવાળો** | | | | | | | | | | | |

**નોંધ :-** અહેવાલનું વર્ષ, રજુ કરવામાં આવેલ નાણાકીય પત્રક અને અનુદાન માટેની માગણીઓના એક વર્ષ અગાઉના વર્ષનો ઉલ્લેખ કરે છે.

**પત્રક - ખ- ૮**

**(જુઓ નિયમ -૭)**

**(પરચુરણ જુમ્મેદારીઓનું પત્રક : વણ ચુકવાયેલ)**

**(રૂા. કરોડમાં)**

| | **વિભાગ** | **વણ ચુકવાયેલ રકમ** |
|---|---|---|
| મુખ્ય કામો અને કરારોના સંદર્ભમાં સ્વીકારવામાં આવેલી જુમ્મેદારીઓ | ૧. માર્ગ અને મકાન વિભાગ | ૧૬૩૦.૬૮ |
| | ૨.નર્મદા | ૨૭૬.૨૧ |
| | ૩. નર્મદા જળ સંપત્તિ અને કલ્પસર વિભાગ | ૧૭૪.૬૦ |
| | ૪.પાણી પુરવઠા | ૩૦૦.૦૦ |
| કામો અને પુરવઠા અંગેના વણ ચુકવાયેલા બિલના સંદર્ભમાં દાવાઓ | ૧. માર્ગ અને મકાન વિભાગ | ૩૨.૭૮ |
| | ૨.નર્મદા | ૧૭.૯૪ |
| | ૩. નર્મદા જળ સંપત્તિ અને કલ્પસર વિભાગ | ૩૭.૪૧ |
| | ૪.પાણી પુરવઠા | ૨૩૫.૧૬ |
| જમીન સંપાદન ખર્ચના સંદર્ભમાં સ્વીકારવામાં આવેલી જવાબદારીઓ | ૧. માર્ગ અને મકાન વિભાગ | ૩૯.૭૪ |
| | ૨.નર્મદા | ૩૪.૧૮ |
| | ૩. નર્મદા જળ સંપત્તિ અને કલ્પસર વિભાગ | ૧૨.૦૮ |
| | ૪.પાણી પુરવઠા | ૦.૭૫ |

વણ ચુકવાયેલ રકમ, ચાલુ વર્ષની આગળના વર્ષ માટે માર્ચના અંતેની સ્થિતિ દર્શાવે છે.

**નમૂનો ખ-૯**

**(જુઓ નિયમ -૭)**

**કર્મચારીઓ અને નિવૃત્ત વ્યક્તિઓની સંખ્યા અને પગાર અને પેન્શન અંગેનું ખર્ચ**

| **ક્રમ નં.** | **કક્ષા** | **સંખ્યા** | | | **પગાર /પેન્શન (રૂા. કરોડમાં)** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **ગત વર્ષ** | **ચાલુ વર્ષ** | **આગામી વર્ષ (બજેટ અંદાજો)** | **ગત વર્ષ** | **ચાલુ વર્ષ** | **આગામી વર્ષ (બજેટ અંદાજ)** |
| | | **વર્ષ-૨** | **વર્ષ-૧** | **વર્ષ** | **વર્ષ-૨** | **વર્ષ-૧** | **વર્ષ** |
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** | **(૬)** | **(૭)** | **(૮)** |
| **ક** | **પગાર** | | | | | | |
| ૧ | સરકારી ખાતામાં કર્મચારીઓ | ૨૨૮૪૨૬ | ૨૨૯૯૮૮ | | ૬૩૯૩.૧૩ | ૬૬૭૪.૬૯ | |
| ૨ | સહાયિત સંસ્થાઓમાં કર્મચારીઓ | ૩૭૬૩૧૬ | ૩૬૧૦૧૯ | | | | |
| ૩ | જાહેર ક્ષેત્રોમાં કર્મચારીઓ | ૧૩૨૪૭૪ | | | | | |
| | **સરવાળો** | **૭૩૭૨૧૬** | | | | | |
| **ખ** | **પેન્શન જુમ્મેદારીઓ** | | | | | | |
| ૧. | સરકારી ખાતામાં નિવૃત્ત વ્યક્તિઓ | ૨૯૫૬૬૭ | ૩૧૦૧૬૭ | ૩૨૩૧૬૭ | ૧૮૯૧.૬૦ | ૧૮૨૩.૦૦ | ૧૯૧૦.૦૦ |
| ૨. | સહાયિત સંસ્થાઓમાં નિવૃત્ત વ્યક્તિઓ | | | | | | |
| ૩. | જાહેર ક્ષેત્રોમાં નિવૃત્ત વ્યક્તિઓ | - | - | - | - | - | - |
| | **કુલ નિવૃત્ત વ્યક્તિઓની જવાબદારીઓ** | | | | | | |

(*) બાકીની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે.